**આદિજાતિના ઇસમોને બેન્ક મારફતે ધંધા રોજગાર માટે ખરીદ કરેલ વાહન ઉપર ૬% ના વ્યાજના દરે વ્યાજ સબસીડી આપવા બાબતની સને ૨૦૨૦-૨૧ની નવી બાબતમાં જણાવેલ શરતો ઉપરાંત નિગમ દ્વારા જણાવેલ શરતો ઉમેરવા બાબત.**

**ગુજરાત સરકાર**
આદિજાતિ વિકાસ વિભાગ
**ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૨૦/ન.બા-૨૪/ઘ**
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૮/૧૨/૨૦૨૦

**વંચાણે લીધા:-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૧/૦૭/૨૦૨૦નો સમાનાંકી ક્રમાંકનો ઠરાવ
(૨) ગુજરાત આદિજાતિ વિકાસ નિગમનો તા.૨૧/૦૮/૨૦૨૦નો પત્ર ક્રમાંકઃ જીટીડીસી/ધિ-વા/૨૦૨૦/વશી/૧૬૬૮

**પ્રસ્તાવના:-**

આદિજાતિના ઇસમો પગભર થાય અને પોતાનું જીવન નિર્વાહ સારી રીતે પસાર કરી શકે તે માટે તેઓને બેન્ક મારફતે જે વાહન લે તે વાહન માટે જે વ્યાજ હોય તેમાં ૬% ના વ્યાજના દરે સબસીડી આપવામાં આવે તો તે લોકોને રાહત મળી શકે તે માટેની યોજના વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના વિભાગના સમાનાંકી ક્રમાંકના ઠરાવથી સને ૨૦૨૦-૨૧માં નવી બાબત તરીકે વહીવટી મંજૂરી આપવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમના તા.૨૧/૦૮/૨૦૨૦ના પત્રથી આ યોજના અમલમાં મૂકવા માટે સને ૨૦૨૦-૨૧માં મંજૂર થયેલ નવી બાબતમાં જણાવેલ શરતો ઉપરાંત નિગમ દ્વારા જણાવેલ શરતોનો ઉમેરો કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે આદિજાતિના ઇસમોને બેન્ક મારફતે લોન દ્વારા ધંધા રોજગાર માટે ખરીદ કરેલ વાહન ઉપર ૬**%** (ટકા) ના દરે સબસીડી આપવા માટેની રૂ.૧૨૬.૦૦ લાખ (અંકે રૂપિયા એકસો છવ્વીસ લાખ પુરા)ની વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના ઠરાવથી મંજૂર કરવામાં આવેલ નવી બાબતમાં જણાવેલ શરતો ઉપરાંત નીચેની શરતોનો ઉમેરો કરી આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

**શરતોઃ-**

(૧) વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના સમાનાંકી ઠરાવની તમામ શરતો યથાવત રહે છે. તદુપરાંત,
(૨) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હાય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
(૩) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.
(૪) ગુજરાત રાજ્યના વતની હોય તેવા અનુસૂચિત જનજાતિના ઇસમોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે. અન્ય રાજ્યના અનુસૂચિત જનજાતિના ઇસમોને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

(૫) આ યોજનાનો લાભ ફક્ત અનુસૂચિત જનજાતિના ઇસમોને આપવામાં આવશે. લાભાર્થીએ સક્ષમ અધિકારીનું જાતિનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) બેંક દ્વારા રૂ.૫.૦૦/- લાખથી ૨૦.૦૦/- લાખ સુધીની મર્યાદામાં ફોર વ્હીલરની મેળવેલ લોન સામે સહાય મેળવી શકાશે.

(૭) બેંક દ્વારા મંજૂર થયેલ લોન ઉપર વાર્ષિક ૬% સુધી વ્યાજ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર મારફત મળવાપાત્ર થશે. અને તે વધુમાં વધુ વાર્ષિક રૂ.૩૦,૦૦૦/- થી રૂ.૧૨૦,૦૦૦/- સુધી જ વ્યાજ સહાય મળવાપાત્ર થશે. લોનની રકમના ૬% સુધી જ વ્યાજ સહાય મળવાપાત્ર થશે.

(૮) અરજદારે બેંકમાંથી લોન મેળવેલ છે તે મુજબનો પુરાવો ઉક્ત સહાય મેળવવા માટે રજુ કરવાનો રહેશે.

(૯) સહાય મેળવનાર અરજદારશ્રી પાંચ (૫) વર્ષ સુધી વાહન વેચી શકશે નહી.

(૧૦) સહાયની રકમ લાભાર્થીના ખાતે RTGS થી જમા કરાવવામાં આવશે.

(૧૧) અરજદારશ્રીએ આ યોજના હેઠળ લોન મેળવવા માટે સંબંધિત બેંકને સીધી અરજી કરવાની રહેશે. બેંક દ્વારા લોન મંજૂર થાય ત્યાર પછી અરજદારે તાત્કાલિક બેંક દ્વારા ગુજરાત આદિજાતિ વિકાસ નિગમને જાણ કરવાની રહેશે. વ્યાજ સહાય ચુકવવા અંગેની ભલામણ નિગમને મળે તે પછી નિગમને જરૂરી ચકાસણી કરી વ્યાજ સહાય ચુકવવાની રહેશે. અરજદારને કોઇ પણ સંજોગોમાં લોનની રકમ રૂ.૨૦.૦૦/- લાખની વાહનની લોન મર્યાદામાં ફક્ત ૬% સુધી જ વ્યાજ સહાય મળવાપાત્ર થશે.

(૧૨) અરજદાર તરફથી લોનના હપ્તા નિયમિત ભર્યા અંગેના આધારો રજુ થયેથી વ્યાજ સહાય મળવાપાત્ર થશે.

(૧૩) વ્યાજ સહાય મળવા અંગેની અરજીઓનો નમૂનો પ્રાયોજના વહીવટદારશ્રી અથવા મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીમાંથી અથવા ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની કચેરીમાંથી મેળવી શકાશે.

(૧૪) બેંક દ્વારા મંજૂર થયેલ લોનના કાગળોની પ્રમાણિત નકલ તથા લોન ખાતાની પાસબુક/આર સી બુકની નકલ તથા સ્ટેટમેન્ટની નકલ રજુ કરવાની રહેશે.

(૧૫) આ યોજનાનો લાભ ફક્ત કુટુંબની એક વ્યક્તિ એક જ વાર મેળવી શકશે.

(૧૬) વાહનનું રજિસ્ટ્રેશન આર.ટી.ઓ.માં Business Purpose (Taxi, Maxi, Transport) Vehicle તરીકે કરાવવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૯/૧૦/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)
**(આઇ.એ.દેસાઇ)**
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.

D:\gh-3-\G.R-2020-21\PRC-102020-N.B-24-GH-GR.docx